### *સરોજીની નાયડુ (૧૧૮૭૯-૧૯૪૯)*

લેખક, કવિયત્રી, ભારતના પ્રથમપેક્તિના નેતાઓમાં એક, ભારતીય રાષ્ટ્રિય કાંગ્રેસેની અધ્યક્ષતા અને સ્વતંત્ર ભારતના પ્રથમ મહિલા રાજ્યપાલ.

- ‘‘રહસ્યમય ચકિત વાર્તાઓથી નહી પણ સમસ્તવિશ્વને યોગ્ય દૈનિક જીવનમાં વ્યવહાર મૂકી શકાય તેવા નિતી પ્રધાન ક્રાંતિકારી સિધ્ધાંતોની કુરઆન ભરપુર છે. આ એક માત્ર એવો ધર્મ છે જેણે લોકશાહીનો બોધ આપ્યો અને તેનુ આચરણ કર્યું. દિવસમાં પાંચ વખત જ્યારે મસ્જીદમાંથી ભક્તિ માટે સાદ આવે છે અને ભક્તો એકઠા થઈ જાય છે ત્યારે ઈસ્લામી લોકશાહીના સ્વરૂપના દર્શન થાય છે. માત્ર અલ્લાહ મહાન છે. પોકારતારંક અને રાજા ખંભે ખંભા મીલાવી એકજ હરોળમાં ઉભા થઈ જાય છે. આ સંદર્ભમાં અનુવાદકને અલ્લામા ઈકબાલની ગઝલની પંક્તિઓ યાદ આવે છેઃ

*એકહી સફમે ખડે હો ગયે મેહમુદો અયાઝ* *ન કોઈ બંદા રહા ન કોઈ બંદા નવાઝ*

ઈસ્લામની આ અદ્રશ્ય એકતાથી હુ અનેકવાર પ્રભાવિત થઈ છુ જે માનવીઓને ભાઈચારાના સંતુથી જોડે છે.’’

(ઈસ્લામી સિધ્ધાંત પરના પ્રવચનો-સ્પીચીઝ એન્ડ રાયટીંગ્સ ઑફ સરોજીની નાયડુ, મદ્રાસ, ૧૯૧૮, પૃ.૧૬૭-૯)

### *એરનોલ્ડ જે. ટોટનબી (૧૮૮૯-૧૯૭૫)*

બ્રીટીશ ઈતિહાસકાર, ઓક્સફર્ડ વિદ્યાલયમાં અધ્યાપક

- ‘‘મુસ્લીમો વચ્ચે ભેદભાવનો ઉચ્છેદ ઈસ્લામની ભવ્ય સિધ્ધિ છે. વર્તમાન વિશ્વના રીતિ-રંગ ધર્મના ભેદભાવના વાતાવરણમાં ઈસ્લામના આ સિધ્ધાંતનો પ્રચાર કરવો અતિ આવશ્યક છે.’’

(સીવીલાયઝેશન ઓન ટ્રાયલ, ન્યુયોર્ક, ૧૯૪૮, પૃ. ૨૦૫)

### *વીલીયમ મોન્ટગોમરીવેટ (૧૯૦૯ -)*

એડીનબર્ગ વિદ્યાલયમાં અરબી અને ઈસ્લામી અધયનના (આજીવન) અધ્યાપક

- ‘‘સામાન્ય અર્થમાં હું એક મુસ્લીમ નથી પરંતુ મને લાગે છે મનથી અલ્લાહને સુપ્રત થયેલ માનવ તરીકે હું એક મુસ્લીમ છુ. હું માનું છું કે કુરઆન અને ઈસ્લામી સાહિત્યમાં અધ્યાત્મિક સચ્ચાઈઓનો એવો ખજાનો સંગ્રહાયેલો છે જેનાથી મારે અને પશ્ચિમની પ્રજાએ ઘણુ શીખવાનું છે. ભવિષ્યમાં સમસ્ત માનવજાત માટે એકજ ધર્મની હિલચાલમાં પાયાનો ઢાંચો પૂરો પાડવા ઈસ્લામ સક્ષમ ઉમેદવાર છે.’’

(ઈસ્લામ એન્ડ ક્રિશ્ચ્યાનીટી ટુડે, ૧૯૮૩, પૃ.૯)

***ઈસ્લામ વિષે વિશેષ માહિતી માટેઃ http://al-islam.org/faq/***

**જેઓ ઉપદેશ શ્રવણ કરે છે અને તેમાંથી ઉત્તમ ગ્રહણ કરે છે તેઓ અલ્લાહથી માર્ગદર્શિતો થયા અને આમાંથીજ અમુક બુધ્ધિમતાથી નવાજવામાં આવ્યા.**

(કુરઆન ૩૯ : ૧૮)

# ઈસ્લામ વિષે બીન - મુસ્લીમ મહાનુભાવોનાં મંતવ્યો!

પૂર્વ અને પશ્ચિમની વિખ્યાત-પ્રતિષ્ઠિત વ્યક્તિઓ, કેળવણીકારો, લેખકો, તત્વજ્ઞાનીઓ, રાજનિતીજ્ઞો, કવિઓ અને કાર્યકર્તાઓના ઈસ્લામ વિષેના આવરણોનો આ એક લઘુ સંગ્રહ છે. જાણ પ્રમાણે આમાની એક પણ વ્યક્તિએ ઈસ્લામ અંગીકાર નથી કર્યો તેથી તેમની વ્યક્તિગત નિષ્પક્ષ વિચારધારા મહત્વપૂર્ણ છે.

## બર્ટ્રન્ડ રસેલ (૧૮૭૨-૧૯૭૦)

બ્રીટીશ તત્વજ્ઞાનિ, ગણિતશાસ્ત્રી, નોબલ પારિતોષિત, તેમના તકેબધ્ધ વિશ્લેષણોથી ૨૦મી સદીનુ તત્વજ્ઞાન ઘણુંજ પ્રભાવિત થયું છે.

- ''૬૯૯થી ૧૦૦૦ પર્યતના યુગને અંધકારમય કહી પશ્ચિમ યુગને અધિક મહત્વ આપવુ ભૂલ ભરેલ છે. ભારતથી સ્પેન સુધી અદ્દ્ભુત ઈસ્લામી સભ્યતાનો વિકાસ થયો. આ સમયે ઈસાઈત્વના ક્ષયથી સભ્ય સમાજે કશુંજ ગુમાવ્યુ નહી હતુ. પશ્ચિમ યુરોપનો સમાજજ સભ્ય સમાજ હતો તેવી આપણી માન્યતા સંકુચિત માનસિક્તા દર્શાવે છે.''

(હીસ્ટ્રી ઑફ વેસ્ટર્ન ફીલોસોફી, લંડન, ૧૯૪૮, પૃ. ૪૧૯)

## હેમીલ્ટન એલેક્ઝાંડર રૂસ્કીન ગીબ્બ (૧૮૯૫-૧૯૭૧)

પોતાના સમયનો પ્રભાવશાળી પૂર્વના રાષ્ટ્રોનો નિષ્ણાંત.

- ''ઈસ્લામે હજુ પણ માનવજાતની વધારે સેવા કરવાની છે. આખરે યુરોપ કરતાં તે પૂર્વ સમીપ વધારે છે. તેનો અમૂલ્ય ખજાનો છે તેની આંતરજ્ઞાતિઓ અને જાતીના સમુદાયને સમાનતા, તક અને શ્રમતા ગુણો થકી સફળતાથી એક છત્ર હેઠળ એકત્રિત કરવાનો ઈસ્લામનો અન્ય સમાજમાં જોટો નથી. કુળ અને રીત-રીવાજોના દેખીતા અસમાધાનકારી તત્વોસાથે સમજૂતી કરવાની હામ હજુ પણ ઈસ્લામમાં છે. પૂર્વ અને પશ્ચિમના મહાન રાષ્ટ્રોના અંતરાયો કયારે પણ સહકારમાં પરિવર્તીતકરવા ઈસ્લામની મધ્યસ્થા અનિર્વાય છે. પૂર્વ અને યુરોપના સંબંધના સંદર્ભના વિદ્વાનોનો ઉકેલ મહદાંશે તેના (ઈસ્લામ) હાથમાં છે. એવો સર્વવિદિત છે કે આપના (મહમ્મદના) સુધારાઓએ મહિલાને અગ્ર સ્થાને બીરાજી છે.''

(મોહમેડીઝમ, લંડન, ૧૯૫૩, પૃષ્ઠ ૩૩)

## જેમ્સ એ માયચેનર (૧૯૦૭-૧૯૯૧)

પ્રગતિશીલ અમેરીકન સાહિત્યકાર, ૩૦ પ્રસિધ્ધ વિદ્યાલયો દ્વારા પાંચ ક્ષેત્રે માનદ પદવીથી સન્માનિત

- ''માનવ ઈતિહાસમાં કોઈ પણ ધર્મ ઈસ્લામ જેવી ગતિએ પ્રસર્યો નથી, ઈસ્લામ તલવારના બળે ફેલાયો છે તેવી પશ્ચિમની માન્યતા સ્વીકારવા કોઈ પણ વર્તમાન વિદ્વાન તૈયાર નથી અને કુરઆન આત્માના અવાજ-સ્વાતંત્રતાના ટેકા માટે સ્પષ્ટ છે.''

(ઈસ્લામ-ધ મીસઅન્ડરસ્ટુડ રીલીજીયન, રીડર્સ ડાઈજેસ્ટ (અમેરીકન આવૃતિ) મે ૧૯૫૫)

## એડવર્ડ ગીબ્બન (૧૭૩૭-૧૭૯૪)

સ્વયુગનો મહાન બ્રિટીશ ઈતિહાસકાર

- ''હું માત્ર એક અલ્લાહમાં શ્રધ્ધા ધરાવું છુ અને પયગંબર મહમ્મદ તેના સંદેશવાહક છે,'' આવી સરળ અને અચલ માન્યતા ઈસ્લામની ખૂબી છે. અલ્લાહની સ્પષ્ટતાને દ્રષ્ટિમાન મૂર્તિ ખરડાવી નથી શકી. પયગંબરના આદરણિય શાસને કદી માનવહક્કોનો ભંગ કર્યો નથી અને આપની દ્રષ્ટાંતી જીવનશૈલીથી પ્રેરાય આપના અનુયાયીઓએ ન્યાય અને વિવેકની રેખા ઓળંગી નથી.''

(હીસ્ટ્રી ઑફ સેરસન, લંડન, ૧૮૭૦, પૃષ્ઠ ૫૪)

- ''ઝેરોસ્ટરથી અધિક પવિત્ર, મોઝેઝના કાનુનોથી અધિક ઉદાર, મહમ્મદનો ન્યાય પ્રેમી ધર્મ સાતમી સદીની અંધશ્રધ્ધા અને ભેદભરમની વાર્તાઓથી ઘણોજ ઉચ્ચ છે.''

(ધી હીસ્ટ્રી ઑફ ધી ડીકલાઈન ઍન્ડ ફોલ ઑફ ધી રોમન ઍમ્પાયર, ગંથ ૫, પૃષ્ઠ ૪૮૭)

## જેર્ડ ડાયમંડ

યુ.સી.એલ.એ. ઔષધ વિદ્યાલયના શરીરશાસ્ત્રના અધ્યાપક અને સામાન્ય રીતના લેખો માટે ૧૮૯૮મા પુલીટઝન પારિતોષ સન્માનિત

- ''મધ્યકાલિન ઈસ્લામ વિજ્ઞાનકળામાં પ્રગતિશીલ હતુ. નવી શોધખોળો અને વિચારો માટે પ્રયત્નશીલ હતા. મધ્યકાલીન યુરોપ કરતાં મુસ્લીમો અધિક શિક્ષિત હતા. તેમણે ગ્રીક ઉત્તમ સામાજિક વારસો એવી રીતે ગ્રહણ કરી લીધો કે આજે દુર્લભ પુસ્તકો અરબી ભાષામાંજ ઉપલબ્ધ છે. પવનચક્કી, ત્રીગ્નોમેટ્રી, લેટીનશઢની શોધકરી અને ધાતુશાસ્ત્ર, યંત્રશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને નહેર યોજનામાં નિપુણ થયા. મધ્યયુગમાં જ્ઞાનનો પ્રવાહ યુરોપથી ઈસ્લામ તરફ નહી પણ ઈસ્લામથી યુરોપ તરફ વહેતો હતો. પંદરમી સદીમાં દિશા બદલી અને પ્રવાહ ઉલટાયો.''

(ગન્સ, જર્મ્સ ઍન્ડ સ્ટીલ, ધ ફેટસ ઑફ હ્યુમન સોસાયટીઝ, ૧૯૯૭, પૃષ્ઠ ૨૫૩)

## એન્ની બીસન્ટ (૧૮૪૭-૧૯૩૩)

બ્રિટીશ અધ્યાત્મવાદી, ભારતીય નેતા અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની અધ્યક્ષતા - ૧૯૧૭

- ''મને ઘણી વખત વિચાર આવે છે કે ઈસાઈપંથ કરતાં ઈસ્લામમાં મહિલા અધિક સ્વતંત્ર છે. એક પત્નિત્વના પાઠ ભણાવતા ધર્મ કરતા ઈસ્લામ તેની મહિલાનુ વધારે સારી રીતે રક્ષણ કરે છે. કુરઆનમાં મહિલા વિષેના આદેશો વિશેષ ન્યાયપૂર્ણ અને ઉદાર છે. ઈસાઈ ઈંગ્લેંડ માત્ર છેલ્લા વીસ વર્ષથીજ મહિલાનો મિલ્કતના હક્કો સ્વીકાર્યા છે જ્યારે ઈસ્લામે ઉદયથીજ મહિલાને આ અધિકારો સ્વાધીન કર્યા છે.''

(ધ લાઈફ એન્ડ ટીચીંગ્સ ઑફ મુહમ્મદ, મદ્રાસ પૃષ્ઠ ૨૫-૨૬)